# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૬ અંક : ૩૦૫ તા. ૨૭-૦૮-૨૦૨૦ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા


# બે આંકડાના શેરો ત્રણ અઠવાડિયા દરમ્યાન સારા વધી ગયા

સ્મોલકેપ અને મીડકેપ શેરોમાં અત્યારે મોટા ખેલાડીઓનું આકર્ષણ વધ્યું છે પરંતુ હવે પરિસ્થિતિ એવી થતી જાય છે કે બે આંકડાના શેરો છેલ્લા ત્રણ અઠવાડિયા દરમ્યાન સારા વધી ગયા છે અને કંઈક સારા ફન્ડામેન્ટલ હોય અને મોટું રોકાણ કરી શકાય તેવા શેરોની સંખ્યા એકદમ આંગળીના વેઢે ગણાય તેવી થઈ ગઈ છે. ચાણક્યમાં અમે ફાલતું શેરો નથી આપતા પરંતુ અન્ય કેટલાક નિષ્ણાંતો તમને આ પ્રકારના શેરો દર્શાવતા હશે.

**પંજાબ નેશનલ બેંક**નો શેર આગામી દિવસોમાં સુંદર ઉછાળો દર્શાવે છે. પ્રથમ ક્વાર્ટરના સારા પરિણામો આવ્યા પછી બીજા ક્વાર્ટર દરમ્યાન પંજાબ નેશનલ બેંકમાં એનપીએ ઘટે અને નફો વધે તે સંભાવના વધારે જોવાય છે અને તે પાછળ રૂા. ૩૫.૬૫વાળા આ શેરને ખેલાડીઓ ઝડપથી રૂા. ૩૮ અને તે પછી રૂા. ૪૨ સુધી ઊંચકી દે તેવી ગણતરી છે.

**આઈડીબીઆઈ બેંક**માં એલઆઈસીની મેનેજમેન્ટ આવ્યા પછી ચિત્ર ઝડપથી સુધરતુ ંજાય છે. પ્રથમ તબક્કે રૂા. ૩૨૦૦ કરોડનું ભંડોળ આપવામાં આવ્યું અને હવે રાઈટ ઈશ્યૂ દ્વારા મોટું ભંડોળ ઊભું કરવામાં આવશે. અત્યારના રૂા. ૪૩વાળા શેરમાં આગામી દિવસોમાં રૂા. ૪૮ અને તે પછી રૂા. ૫૨નો ભાવ આવી જવાની ગણતરી છે.

તે જ પ્રકારે **ફેડરલ બેંક**ના શેરમા ંપણ આકર્ષણ વધતું જાય છે. છેક રૂા. ૪૮ના ભાવથી આ શેર કવર કરાવીએ છીએ અને અત્યારે વધીને રૂા. ૫૬ ઉપર આવ્યો છે. જૂનું રોકાણ જાળવી રાખજો, આગામી દિવસોમાં રૂા. ૬૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

**ઓઈલ ઇન્ડિયા**ના શેરમાં પણ હવે આકર્ષણ વધતું જાય છે. સરકાર હસ્તકની આ કંપનીમાં ભાવ રૂા. ૧૦૦ ઉપર તો આવી ગયો. આગામી દિવસોમાં રૂા. ૧૦૫ અને તે પછી રૂા. ૧૧૫નો ભાવ જોવા મળે તો નવાઈ નહીં લાગે.

**ફ્યુચર રીટેઈલ**નું મર્જર ફ્યુચર એન્ટરપ્રાઈઝ સાથે થઈ રહ્યું છે અને તે પાછળ આ શેરમાં બુધવાર અને ગુરુવાર દરમ્યાન ઝડપી ઉછાળો જોવાયો પરંતુ શુક્રવારના શરૂઆતના ઉછાળા પછી ઘટાડો જોવાયો હતો. આગામી દિવસોમાં આ શેરમાં ભાવિ યોજના અંગે સ્પષ્ટતા આવશે અને તેમાં રિલાયન્સ રીટેઈલ દાખલ થાય કે પછી એમેઝોન દાખલ થાય બંને રીતે આ શેરના ભાવમાં નજીકના દિવસોમાં જ રૂા. ૧૯૦નો ભાવ આવી જતા વાર નહિ લાગે અને તેથી આ શેર ઉપર ફોકસ રખાય.

**પંજાબ નેશનલ બેંકનો શેર આગામી દિવસોમાં સુંદર ઉછાળો દર્શાવ**

આ ગ્રૂપની **ફ્યુચર એન્ટરપ્રાઈઝ**નો શેર અત્યારે રૂા. ૧૭.૬૦ ઉપર ચાલે છે અને તે શેર ઉપર પણ ફોકસ કરાય આગામી દિવસોમા ંઆ શેરમાં પણ રૂા. ૨૦ પ્લસનો ભાવ આવવાની ગણતરી. ફ્યુચર એન્ટરપ્રાઈઝ સાથે આ કંપનીઓનું મર્જર થતું હોવાથી તે શેરમાં પણ મોટો ઉછાળો જોવાશે.

**આઈટીસી સીમેન્ટેશન**નો શેર ગયા અઠવાડિયે કવર કરવાનું દર્શઆવ્યું હતું. અત્યારે રૂા. ૫૨.૩૦ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં રૂા. ૫ની નોટ મળી જવાની ગણતરી છે. શોર્ટટર્મમાં પૈસા મળી શકે.

ભારત સરકાર માટે લશ્કરીદળોને ઈક્વીપમેન્ટ સપ્લાય કરતી **ભારત ઇલેકેટ્રોનિક્સ**નો રૂા. ૧૧૨વાળો શેર પણ ફેન્સી ધરાવે છે. સરકાર હવે લશ્કરના ઉપકરણો ભારતમાં મોટા પાયે બનાવવા માંગે છે અને તેનો મોટો ફાયદો ભારત ઈલેક્ટ્રોનિક્સને મળી શકશે. આગામી દિવસોમાં આંકડાની અદલાબદલી સાથે રૂા. ૧૨૧નો ભાવ આવી જાય તો પણ નવાઈ નહી ંલાગે.

સુરત ખાતેની **ગાર્ડન સિલ્ક મિલ**ના શેરમાં પણ અત્યારના રૂા. ૧૧.૪૫વાળા શેરમાં આકર્ષણ વધ્યું છે અને તે શેર ઉપરધઅયાન રખાય. આવતા થોડા દિવસોમાં ઝડપથી વધીને રૂા. ૧૩ અને તે પછી રૂા. ૧૫નો ભાવ બતાવી દે તે સંભઆવના મજબૂત છે.

મીડકેપ શેરોમાં **ટોરન્ટ ફાર્મા**નો શેર ઝડપથી વધ્યો છે. અત્યારના રૂા. ૨૮૨૫વાળઆ આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૨૮૬૫ અને તે પછીના ઉછાળે ધીરે ધીરે રૂા. ૨૯૬૫નો ભાવ જોવા મળે તે સંભાવના મજબૂત છે.

**અદાણી ટ્રાન્સમિશન**ના શેરમાં આકર્ષણ વધ્યું ચે. અત્યારે રૂા. ૨૭૨ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૨૯૨નો ભાવ આવી જવાની ગણતરી અને તે પછીના ઉછાળે રૂા. ૩૦૨નો ભાવ બેસે છે. પાવરગ્રીડના ટુકડા કરીને તેનો અમુક હિસ્સો અદાણી ટ્રાન્સમિશનને સુપ્રત થાય તેવી પણ બજારના ખેલાડીઓની ગણતરી છે.

આયર્ન ઓરનું ઉત્પાદન કરતી **એનએમડીસી**માં પણ આકર્ષણ વધતું જાય છે. છેલ્લા બે અઠવાડિયા દરમ્યાન રૂા. ૯૬ ઉપર તો આવી ગયો અને આવતા થોડા દિવસોમાં રૂા. ૧૦૩ અને તે પછી રૂા. ૧૦૬નો ભાવ જોવા મળવાની ગણતરી છે. થોડાક શેર લઈને મૂકી શકાય.

**ડીએલએફ**નો શેર ઝડપથી વધતો જાય છે. અત્યારે રૂા. ૧૬૨ ઉપર છે અને આગામી દિવસોમાં રૂા. ૧૭૨નો ભાવ જોવા મળે તે સંભાવના મજબૂત છે. થોડાક શેર આ ભાવે લઈને મૂકી શકાય.

**મેરિકો**નો શેર ગયા અંક વખતે લેવાનું દર્શાવ્યું હતું. મેરિકો ગયા અંકે રૂા. ૩૭૦ ઉપર હતો અને અત્યારે રૂા. ૩૭૬ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૩૮૬નો ભાવ જોવા મળે તે સંભઆવના મજબૂત છે.

ગયા અંકમાં **હેવલ્સ**નો શેર પણ પકડી લેવાનું દર્શાવ્યું હતું. હેવલ્સ અત્યારે વધીને રૂા. ૬૩૩ ઉપર તો આવી ગયો અને આવતા થોડા દિવસોમાં રૂા. ૬૪૩ અને તે પછી રૂા. ૬૬૩નો ભાવ જોવા મળવાની ગણતરી છે. વધારે નહિ તો ૧૦ કે ૨૦ શેરો લઈને મૂકી શકાય.




એકતરફ દારૂની માંગ ઝડપથી વધી રહી છે ત્યારે સારા ચોમાસાને કારણે પણ બિયર પીનારાની માંગ વધતી જાય છે અને તેની જોરદાર અસર **યુનાઇટેડ બ્રુવરી**ના શેર ઉપર દેખાય છે. છેલ્લા એક અઠવાડિયાથી વધીને રૂા. ૧૦૪૦ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૧૦૮૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે. મોટી રકમનો શેર હોવાથી પાંચેક શેરોનું કામકાજ કરી શકાય.

સામે પક્ષે **યુનાઇટેડ સ્પીરીટ**નો શેર અત્યારે ટૂંકાગાળાના ઘટાડાના તબક્કામાં છે.અને તેથી રોકાણ વધારવાની ઉતાવળ ન કરવી.

શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ **પીડીલાઇટ**ના શેર ઉપર વધ્યું છે. ગયા અઠવાડિયે ઝડપથી વધીને પીડીલાઈટનો શેર રૂા. ૧૪૫૬ ઉપર આવ્યો અને આવતા થોડા દિવસોમાં રૂા. ૧૪૭૬ અને તે પછી ધીરે ધીરે રૂા. ૧૫૨૬નો ભાવ જોવા મળવાની ગણતરી છે. લોંગટર્મ એન્ગલથી પણ આ શેર કવર કરી શકાય.

સિમેન્ટ શેરોની ફેન્સી **એસીસી**ના શેર ઉપર પણ દેખાય છે અને ગયા અઠવાડિયે એસીસી વધીને રૂા. ૧૪૨૨ ઉપર આવ્યો અને આગામી દિવસોમાં આ શેર સુંદર ઉછાળા સાથે રૂા. ૧૪૩૨ અને તે પછી રૂા. ૧૪૬૨નો ભાવ બતાવી દે તો પણ નવાઈ નહીં લાગે.

**ગ્લેનમાર્ક**ના રૂા. ૪૯૨વાળા શેરમાં પણ આકર્ષણ વધ્યું છે અને આગામી દિવસોમાં રૂા. ૪૯૭ અને તે પછી રૂા. ૫૦૪નો ભાવ જોવા મળવાની ગણતરી છે. થોડાક શેર લઈને મૂકી શકાય.

ગયા અંકમાં **એસઆરએફ**નો શેર પકડી લેવાનું દર્શાવિલું. અત્યારે રૂા. ૪૨૮૬ ચાલે છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા. ૪૩૮૬ અને તે પછી ધીરે ધીરે રૂા. ૪૫૪૫નો ભાવ આવી જવાની ગણતરી છે. થોડાક શેર લઈને મૂકી શકાય.

ઓટોમોબાઈલ બેટરી બનાવતી **એક્સાઈડ ઇન્ડસ્ટ્રીઝ** પાસે રેલવેનો મોટો ઓર્ડર આવ્યો છે અને તે વાત પાછળ ખેલાડીઓ આ શેરમાં ફેન્સી દર્શાવે છે. અત્યારના રૂા. ૧૭૧વાળા આ શેરમાં આગામી દિવસોમાં રૂા. ૧૭૩ અને તે પછી રૂા. ૧૮૧નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે. થોડાક શેર લઈને મૂકી શકાય.

જર્મન જાયન્ટ **સીમેન્સ**ના શેરમાં પણ આકર્ષણ વધતું જાય છે. સીમેન્સ અત્યારે રૂા. ૧૨૩૫ ઉપર છે અને તે પછી રૂા. ૧૨૪૫ અને તે પછી રૂા. ૧૨૮૫નો ભાવ પણ આવી જવાની ગણતરી.

શોર્ટટર્મ એન્ગલથી **એબોટ**ના શેરમા ંપણ જોરદાર આકર્ષણ છે. આ મલ્ટીનેશનલ ફાર્મા કંપનીનો શેર અત્યારે રૂા. ૧૬૮૪૦ ઉપર છે અને આગામી દિવસોમાં તેમાં રૂા. ૧૦૦૦નો ઉછાળો જોવા મળવાની ગણતરી છે.

**મધરસન સુમી**ના શેરમાં થોડું પ્રોફિટ બુકીંગ આવ્યું. શેર અત્યારે રૂા. ૧૧૮ ઉપર છે અને આ શેરમાં નવા અઠવાડિયાનો ટ્રેન્ડ જોઈને કામ કરવું. જો ઘટાડો અટકે તો જ આ શેરમાં તેજીની નવી પોઝિશન લેવી.

છેલ્લા ત્રણ અઠવાડિયા દરમ્યાન **ડીવીસ લેબોરેટરી**ના શેરમાં જોરદાર ઉછાળો જોવાયો. ડીવીસ અત્યારે રૂા. ૩૨૪૭ ઉપર આવ્યો છે અને હવે આ શેરમાં પ્રોફિટ બુકીંગ કરીને ડો. રેડ્ડીઝના શેરમાં શિફ્ટ થવું ખૂબ જ સલાહભરેલ છે.

**પાવર ફિનાન્સ કોર્પોરેશન**નો શેર અત્યારે રૂા. ૧૦૧ ઉપર આવી ગયો. આ શેરમાં લાંબો કસ નથી અને તેનાથી દૂર રહેવું સલાહભરેલ. જ્યારે **એનએચપીસી**નો શેર અત્યારે રૂા. ૨૩.૨૫ ઉપર છે અને તેમાં પણ ઉછાળાની જગ્યા મર્યાદિત છે.

અમદાવાદ સ્થિત **કેડિલા**નો શેર ગયા અઠવાડિયે ધીરે ધીરે વધીને રૂા. ૪૦૦.૬૫ ઉપર આવ્યો છે. કેડિલા આગામી દિવસોમાં એકદમ સુધારા સાથે રૂા. ૪૧૦ અને તે પછી રૂા. ૪૨૦ સુધી આવી જવાની ગણતરી છે. એકદમ થોડા શેરો લેવા કારણ કે સન ફાર્માની જેમ કેડિલા પણ ગમે ત્યારે એકદમ ઝડપથી તૂટી જાય છે.

અન્ડરવેરના ઉત્પાદનમાં ટોચનું સ્થાન ધરાવતી **પેજ ઇન્ડસ્ટ્રીઝ**નો શેર રૂા. ૨૦૩૦૫ ઉપર ચાલે છે અને તે શેર ઉપર ફોકસ કરી શકાય. આવા ઊંચા ભાવનો શેર લેવાની ઈચ્છા નહીં થાય અને જૂનું રોકાણ હોય તો જાળવી રાખળું. આગામી દિવસોમાં રૂા.૧૦૦૦નો ઉછાળો આવી જવાની ગણતરી છે.

**ઇન્દ્રપ્રસ્થ ગેસ**નો શેર અત્યારે રૂા. ૪૧૬ ઉપર ચાલે છે અનો તેમાં રોકાણ કરી શકાય. સુંદર ફન્ડામેન્ટલ છે અને આવતા થોડા દિવસોમાં આંકડાની અદલાબદલી કરીને રૂા. ૪૬૧નો ભાવ જોવા મળે તો નવાઈ નહીં.

સામે પક્ષે ટોચની એફએમસીજી કંપનીઓના શેર અત્યારે ઘટાડો દર્શાવે છે. **ડાબર**નો શેર અત્યારે ઘટાડા તરફી છે અને તે જ પ્રકારે રૂા. ૬૮૩.૫૦વાળો ગોદરેજ કન્ઝ્યુમરનો શેર રૂા. ૬૬૩ ઉપર આવી જાય તો નવાઈ નહીં લાગે.

ઈન્સ્યોરન્સના શેરમાં પણ અત્યારે નબળાઈના તબક્કામાં છે. **આઈસીઆઈસીઆઈ પ્રૂ. લાઈફ, આઈસીઆઈલીઆઈ લોમ્બાર્ડ, એચડીએફસી લાઈફ** અને **ન્યુ ઇન્ડિયા એન્સ્યોરન્સ**ના શેરમાં શઓર્ટટર્મમાં ઘટાડાની ગણતરી છે.

**શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફિનાન્સ**ના આંકડા પ્રોત્સાહક આવ્યા પછી કેટલાક એનાલિસ્ટોએ આ શેર કવર કરવાનું દર્શાવિલું. પરંતુ આગામી દિવસોમાં સેકન્ડ હેન્ડ ટ્રક માર્કેટનું ખરાબ રહેશે અને અસંખ્ય સેકન્ડ હેન્ડ ટ્રકો વેચાવા આવે તેવી ગણતરી છે. શ્રીરામ ટ્રાન્સપોર્ટમાં પણ મોટા પાયે ડિફોલ્ટ આવે તો નવાઈ નહીં લાગે અને તથી રૂા. ૬૮૩વાળા શેરમાં રોકાણ વધારવાની ઉતાવળ ન કરવી, ભાવ ઘટી જવાની સંભાવના છે.

**મન્નાપુરમ ફિનાન્સ** અને **મુથુલ ફિનાન્સ**ના આંકડાઓ પણ સુંદર આવ્યા પરંતુ આ શેરમાં પણ હવે ઘટાડાની સંભાવના દેખાય છે.

સામે પક્ષે છેલ્લા એક મહિનાથી સતત ઘટી રહેલો **બંધન બેંક**નો શેર હવે અપટ્રેન્ડમાં દાખલ થવાની ગણતરી છે અને તેથી તે શેર ઉપર ફોકસ કરી શકાય. રૂા. ૨૯૨વાળો શેર આવતા થોડા દિવસોમાં ઝડપથી ઊંચકાઈ જવાની જગ્યા છે.

સરકાર હસ્તકની **બેંક ઓફ બરોડા**ના શેરમાં પણ ફેન્સી વધી છે. અત્યારે રૂા. ૧૪૮ ઉપર છે અને અન્ય બેંક શેરોની સાથે સાથે આ શેરમા ંપણ રૂા. પાંચની નોટ મળી જવાની ગણતરી છે. તે જ પ્રકારે **બેંક ઓફ ઇન્ડિયા**ના શેરમાં પણ ફોકસ કરી શકાય.

**પાયોનિયર એમ્બ્રોઈડરી**નો શેર અત્યારે રૂા. ૨૫.૯૦ ઉપર આવ્યો છે અને અગાઉની તેજીમા ંજ્યારે પણ પાયોનિયર એમ્બ્રોઈડરીમાં તેજી શરૂ થાય ત્યારે તેજીનો અંત આવતો હોય છે અને તેથી આ વખતે પણ હવે શેરબજારની તેજી આખરી તબક્કામાં હોય તેમ કહી શકાય.

બીજી તરફ ખાંડ શેરોમાં પણ આકર્ષણ વધ્યું છે. સરકાર દ્વારા ખાંડના ટેકાના ભાવમાં રૂા.૧૦નો વધારો કરી અપાયો. **દ્વારિકેશ સુગર** અત્યારે રૂા. ૩૧.૭૦ ઉપર છે અને તેમાં રૂા. પાંચના ઉછાળાની જગ્યા દેખાય છે. તે જ પ્રકારે **જીએમઆર ઇન્ફ્રા**નો શેર અગાઉ યાદ હશે કે અગાઉ રૂા. ૧૧ના ભાવથી લેવડાવતા હતા અને અત્યારે વધીને રૂા. ૨૪.૩૦ ઉપર આવ્યો છે. આ શેરમાં હજી ૫૦ પૈસા વધવાની જગ્યા છે.

રૂા.૧૨૧ વાળા **સેલાન એક્સ્પોરેશન**ના શેરમાં ઉછાળાની જગ્યા થોડી દેખાય છે પરંતુ ઉછાળો છેલ્લા તબક્કામાં હોવાથી સંભાળીને કામ કરવું સલાહભરેલ. તે જ પ્રકારે **હિમાચલ ફ્યુચરિસ્ટીક** પણ તેજીના છેલ્લા તબક્કામાં ચાલતો હોય છે. અને આ શેરમાં પણ મુવમેન્ટ શરૂ થઈ છે. રૂા. ૧૭.૨૦વાળા શેરમાં રૂા. ૨૦નો ભાવ જોવા મળે તો નવાઈ નહીં લાગે.

**સિન્ફની**નો શેર ઘટીને રૂા. ૮૯૩ ઉપર આવી ગયો અને તેમાં પણ નવી તેજીની ગણતરી છે. પરિણામો નબળા આવ્યા પરંતુ શેર ઉપર ફોકસ કરી શકાય.

નાની બેંકોમાં રૂા. ૪૭વાળો **કર્ણાટક બેંક** ધ્યાન ખેંચે છે. અગાઉ આ શેર રૂા. ૧૦૦ આસપાસ સ્થિર જોવાતો હતો. અત્યારના રૂા. ૪૭ના ભાવે જોખમ નહિવત, ઉપરમાં રૂા. પાંચની નોટ આપી જવાની ગણતરી છે. તેવી જ રીતે રૂા. ૧૮.૨૫વાળા **જમ્મુ-કાશ્મીર** બેંકના શેરમાં પણ ફેન્સી વધી છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં ધીરે ધીરે રૂા. ૨૨નો ભાવ આવે તો પણ નવાઈ નહીં લાગે.

રૂા. ૮૫ના ભાવની **એનઆરબી બેરિંગ**નો શેર ધીરે ધીરે વધવાની ગણતરી અને આ શેરમાં રૂા. ૯૫નો ભાવ આવવાની જગ્યા છે.

**ફર્સ્ટ સોર્સ સોલ્યુશન** અત્યારે રૂા. ૬૦ ઉપર આવી ગયો છે અને આ શેરમાં હજી રૂા. ૧ કે ૨ વધવાની જગ્યા છે. રૂા. ૬૨-૬૩ આસપાસ પ્રોફિટ બુકીંગ શરૂ કરી શકાય. વધારે લોભ રાખવો સલાહભરેલ નથી.

**ગલ્ફ પેટ્રો**ના રૂા. ૪૩વાળા શેરમાં ખાસ ધ્યાન આપવું અને આવતા થોડા દિવસોમાં રૂા. ૧૦ની નોટ મળી જવાની ગણતરી છે.

રૂા. ૧૪૭વાળા **ધામપુર સુગર**ના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે અને તે શેરમાં પણ રૂા. ૧૦નો ઝડપી ઉછાળો જોવા મળવાની ગણતરી.

**વિનતી ઓર્ગેનિક**નો શેર કવર કરવાનું દર્શાવ્યું હતું. અત્યારે રૂા. ૧૦૫૪ ઉપર છે અને હવે આ શેરમાં પ્રોફિટ બુકીંગ કરી શકાય. ઉપરમાં રૂા. ૨૦-૪૦ વધે પરંતુ શેર ક્યારે તૂટી જશે તે કહેવું મુશ્કેલ છે.

રેશમી કાપડ અને રેશમી યાર્નની નિકાસ કરી રહેલી **હિમ્મતસીંગા સીડે**નો શેર છેલ્લા થોડા દિવસોમાં સારો એવો વધ્યો અને હવે આ શેરમાં રૂા. ૮૭ના ભાવે એક વખત રૂા. ૯૫નો ભાવ આવવાની સંભાવના અને તે પછી પ્રોફિટ બુકીંગ કરી શકાય.

કાચ બનાવતી કંપની **આસાહી ઇન્ડિયા**નો શેર પકડી લેવાનું કહ્યું હતું. આસાહી અત્યારે રૂા. ૨૩૫ ઉપર તો આવી ગયો. એમ પણ કાચનું માર્કેટ નબળું છે, ઓટોમોબાઈલના કાચની માંગ નબળી છે અને રીયલ એસ્ટેટમાં તો કોઈ કાચની માંગ જ નથી અને તેથી સટ્ટો વધારે ખેંચાય તેવી સંભાવના નથી દેખાતી. અત્યારના ભાવે આ શેરમાં ઝડપથી પ્રોફિટ બુકીંગ શરૂ કરી શકાય.

**ઓટોમોટીવ એક્સલ**નો શેર પણ છેલ્લા થોડા દિવસોમાં ઝડપથી વધ્યો છે અને તેમાં પણ પ્રોફિટ બુકિંગ કરવું ખોટું નહિ. જ્યારે **જિંદાલ સ્ટેનલેસ સ્ટીલ**નો શેર રૂા. ૫૧ ઉપર ચાલે છે અને તેમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૩-૪ વધવાની જગ્યા છે તે પછી વધારે લોભ ન રાખવો.

ગયા અઠવાડિયે **જીઈ શિપીંગ**નો શેર કવર કરવાનું દર્શાવિલું. વધીને રૂા. ૨૭૯ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂા.૨ ૯૦ સુધી ભાવ પહોંચી જવાની જગ્યા છે.

સામે પક્ષે **જિંદાલ પોલિફિલ્મ્સ**ના શેરમાં આકર્ષણ વધતું જાય છે. નફો સુંદર આવ્યો, ક્રૂડના ભાવ નીચા હોવાથી તેનો ફાયદો પણ જૂન ક્વાર્ટરના આંકડા ઉપર દેખાયો, આગામી દિવસોમાં રૂા. ૪૮૨ ઉપર આવી ગયેલા આ શેરમાં

## ગામની ગપસપ

- **પાવરગ્રીડ**, માલિક કડકો અને તેથી ગમે ત્યારે આ દેશની સૌથી મોટીટ્રાન્સમિશન કંપની ખાનગી સેક્ટરને (અદાણી ગ્રૂપને) સુપ્રત કરી દેવાય તો નવાઈ નહીં લાગે. અત્યારે રૂા. ૧૮૧ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૨૦૧નો ભાવ જોવા મળવાની ગણતરી.
- **અદાણી ટ્રાન્સમિશન**, સરકાર પાસે પૈસા નથી પરંતુ સરકારના આ પ્રેમી પાસે અત્યારે અબજો રૂપિયા, પાવરગ્રીડ માટે મોટો ઉમેદવાર અને તે પાછળ આ શેરમાં જોવાતું આકર્ષણ, શોર્ટટર્મ એન્ગલથી ૨૦-૫૦ શેર લઈને મૂકી દેવાય. ઝડપી ઉછાળાની જગ્યા.
- **કોલ ઇન્ડિયા**, ખાનગીકરણની તૈયારીઓ, રૂા. ૧૩૮ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૧૪૮નો ભાવ જોવા મળવાની ગણતરી.
- **જીએફએલ લિમિટેડ,** ગુજરાત ફ્લુરો કેમિકલ્સમાંથી અલગ થયેલી કંપની, અત્યારે રૂા. ૯૪-૯૫ ઉપર મળે છે. હજી ઉછાળાની જગ્યા મર્યાદિત, થોડો ઘટે તે પછી નવા રોકાણનો વિચાર કરજો.
- **ઇન્ડેક્ષ**, ગુરુવારના કરેકશન પછી ફરી એક વખત નિફ્ટી અને સેન્સેક્ષ ઝડપી અને મજબૂત તેજી માટે તૈયાર થઈ ગયા છે અને ગુરુવારના કરેકશન પછી નિફ્ટી ૧૧૫૫૫નું લેવલ અસરકારક રીતે કૂદાવી દેવા માટે સજ્જ થઈ ગયું છે. સામે પક્ષે હજી થોડી સેશન બેંક નિફ્ટી અને બેંક શેરોમાં નબળાઈનો તબક્કો જોવા મળશે.
- **તાતા સ્ટીલ**, આંતરરાષ્ટ્રીય સ્તરે સ્ટીલના ભાવ અને સ્ટીલની માંગમાં સુધારો થવાની ગણતરી પાછળ આ શેરે સુંદર ઉછાળો બતાવી દીધો. અત્યારે રૂા. ૪૩૩ પ્લસના ભાવે આ શેરમાં વધારે નફો કમાવાની લાલચ નહીં કરતા થોડુંક પ્રોફિટ બુકીંગ શરૂ કરી દેવું. ગમે ત્યારે ભાવ ગબડી પડવાનો ભય.
- **જેએસડબલ્યુ સ્ટીલ**, લોકડાઉન દરમ્યાન આ શેર પકડી લેવાનું આ કોલમમાં જ દર્શાવિલું. અત્યારે વધીને રૂા. ૨૮૩ ઉપર આવ્યો છે. એકદમ કમાઈ લેવાની લાલચ ન રાખતા જે તીવ્રતાથી વધ્યો તેવી જ રીતે તૂટવાનો ભય, થોડો નફો (નુકસાન) ભલે બીજાના ભાગે જાય. રોકડી કરી નાખવી એકદમ સલાહભરેલ.
- **લાર્સન એન્ડ ટુબ્રો**, ગયા અંકમાં પણ આ શેર કવર કરવાનું દર્શાવિલું અને વધીને રૂા. ૯૯૫-૧૦૦૦ ઉપર આવી ગયો છે. જાળવી રાખજો, આવતા થોડા દિવસોમાં જ આ શેરમાં રૂા. ૧૦૯૫નો ભાવ જોવા મળે તો નવાઈ નહીં લાગે.
- **એચસીએલ ટેકનોલોજી**, ફરી એક વખત રૂપિયામાં ભારોભાર નબળાઈનો તબક્કો, થોડાક શેર લઈને મૂકી દેજો, રૂપિયાની નબળાઈનો ફાયદો જોવા મળશે અને એમ પણ બિઝનેસ સારો છે. રૂા. ૭૧૦ના ભાવે ખોટો નથી. થોડા દિવસોમાં રૂા. ૭૪૦ જોવા મળે તેવી આરએસની ગણતરી.
- **ટાઈટન**, વધઘટનું પ્રમાણ થોડું વધારે તીવ્ર થયું છે તેમ છતાં જૂન મધ્યમાં રૂા. ૯૦૦ના લેવલથી ઊંચકીને રૂા. ૧૧૨૫ ઉપર તો લાવી દીધો, અન્ય ઝવેરીઓને ત્યાં વેચાણો ઠંડા પરંતુ ટાઈટનને મોટો ફાયદો, અને આગામી દિવસોમાં આ શેરમાં લાંબી તેજીની જગ્યા, એક ફંડહાઉસે આ શેર માટે રૂા. ૧૩૦૦નું લક્ષ્યાંક આપ્યું છે. જાળવજો.
- **ઇન્ફોસીસ**, પરિણામો સંતોષકારક આવ્યા પછી હવે રૂપિયાની નબળાઈનો ફાયદો જોવા મળે. રૂા. ૯૫૫ના ભાવે પણ ખોટો નથી. વધારે નહિ તો ૧૦ શેર લઈને મૂકી દેજો અને આવતા થોડા દિવસોમાં ધીરે ધીરે વધીને રૂા. ૧૦૧૪ અને તે પછી રૂા. ૧૦૪૪ના ભાવની સંભાવના મજબૂત છે.
- **સિપ્લા**, કોરોનાની ટ્રીટમેન્ટ માટે વપરાતી દવામાં આ કંપનીનું મોટું નામ અને તેનો ફાયદો શેરના ભાવ ઉપર દેખાય છે. ગયા અંકમાં પણ પકડી લેવાનું કહ્યું હતું. વધીને રૂા. ૭૬૨ ઉપર આવ્યો છે અને રૂા. ૮૧૨ ક્યાં થઈ જશે તે ખબર નહીં પડે.
- **ડો. રેડ્ડીઝ લેબોરેટરીઝ**, ત્રણથી ચાર મહિનાના એન્ગલથી ફાર્મા સેક્ટરનો આ શેર આકર્ષક, ચીનના માર્કેટમાં પણ પ્રવેશ કર્યો છે. અત્યારે રૂા. ૪૪૭૬ના ભાવે મળે છે અને ત્રણથી ચાર મહિનામાં સારું રિટર્ન આપી જાય.
- **અદાણી પોર્ટ્સ**, ઘટાડાનો તબક્કો પૂરો કર્યો અને સાથે સાથે જૂન ક્વાર્ટરના નબળા પરિણામ પણ આવી ગયા અને હવે બંદર ઉપરના ટ્રાફિકમાં સુધારો, છેલ્લા થોડા દિવસોમાં જ રૂા. ૩૦૦વાળો શેર વધીને રૂા. ૩૫૩ ઉપર આવ્યો છે. જાળવી રાખજો અને આવતા થોડા દિવસોમાં રૂા. ૩૭૩-૩૮૩ના ભાવની ગણતરી.
- **ઇન્ડિયન હોટલ,** તાતા ગ્રૂપની કંપની અને મુંબઈની ભવ્ય તાજ હોટલ આ કંપની પાસે છે. ટુરિઝમ સેક્ટર માટે હવે સારા દિવસો, શેર લેવાની વાત કરી હતી. વધીને રૂા. ૮૭ ઉપર આવ્યો છે. જાળવી રાખજો, શોર્ટટર્મમાં જ રૂા. ૯૨-૯૪ના ભાવની સંભાવના મજબૂત, આ તબક્કે ઘટવાની જગ્યા નહિવત.
- **બેંક ઓફ બરોડા,** રૂા. ૪૮-૪૯ના ભાવે મળી રહ્યો છે. સપ્ટેમ્બર ક્વાર્ટરના આંકડા વધારે સારા આવવાની ગણતરી. ૫૦-૧૦૦ શેર લઈને મૂકી દેવાય. મધ્યમગાળે રૂા. ૫૫નો ભાવ જોવા મળે.
- **આરબીએલ બેંક,** ગયા અઠવાડિયે પણ ભારપૂર્વક લઈ લેવાની વાત કરી હતી. વધીને રૂા. ૧૮૮ ઉપર તો આવી ગયો. અને હજી આ શેરમાં તોફાની ઉછાળાની જગ્યા. લીધા ન હોય તો ૪૦-૫૦ શેર લઈને મૂકી દેજો, થોડા અઠવાડિયામાં રૂા. ૨૦૦ પ્લસના ભાવની સંભાવના મજબૂત.
- **આઈડીએફસી ફર્સ્ટ બેંક,** છેલ્લા થોડા અઠવાડિયાથી ભારપૂર્વક લેવડાવીએ છીએ. વધીને રૂા. ૩૧ ઉપર આવ્યો છે. જાળવી રાખજો, ધીમા સુધારા સાથે રૂા. ૩૪-૩૫ના ભાવની ગણતરી.
- **પંજાબ નેશનલ બેંક,** ટર્નઅરાઉન્ડ પરિણામોની સંભાવના, રૂા. ૩૪ના ભાવે ખોટો નથી, આગામી દિવસોમાં રૂા. ૩૮નો ભાવ જોવા મળે.
- **સ્ટીલ ઓથોરિટી,** વધીને રૂા. ૩૮-૩૯ ઉપર આવ્યો છે. જાળવી શકાય, નજીકના દિવસોમાં જ રૂા. ૪૪ના ભાવની સંભાવના મજબૂત.
- **આરઈસી લિમિટેડ,** રૂા. ૧૦૮ના ભાવે શેર એકદમ મફત છે.


## DYNAMIC INDUSTRIES LIMITED

CIN : L24110GJ1989PLC011989
Regd Office :Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road,
G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**Extract of Unaudited Financial Results for the Quarter ended on 30th June, 2020**

(Rs. In Lakhs except earning per share)

| PARTICULARS | Quarter Ended on 30.06.2020 | Corresponding quarter ended in the previous year 30.06.2019 | Year Ended on 31.03.2020 |
|---|---|---|---|
| Total Income from the operations | 393.92 | 1485.66 | 5629.12 |
| Net Profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | -43.99 | 78.52 | 150.67 |
| Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | -43.99 | 78.52 | 150.67 |
| Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | -44.59 | 49.36 | 101.48 |
| Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period (after tax) and other comprehensive Income (after tax)] | -45.87 | 50.35 | 100.07 |
| Equity Share Capital | 302.85 | 302.85 | 302.85 |
| Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year) | | | |
| Earning per share (of '10 each) (for continuing and discontinued operations) | | | |
| Basic: | -1.47 | 1.63 | 3.35 |
| Diluted: | -1.47 | 1.63 | 3.35 |

**Notes to the Unaudited Financial Results for the Quarter ended on 30th June, 2020**

1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Yearly Financial Results are available on the Stock Exchange website (http://www.bseindia.com/corporates/ann.aspx?scrip=524818%20&dur=A) and on website of the company at (http://dynaind.com/investors_zone.html).
2. The above financial results of the Company were reviewed by the Audit Committee in its meeting held on August 25th, 2020. The Board of Directors in its meeting held on August 25th, 2020 approved the same and also Limited Review of the results for the quarter ended on 30th June, 2020 were carried out by the Statutory Auditors.
3. The company has only one segment of activity named "Chemicals" i.e. Dyes, Dye Intermediates.
4. Figures of the previous quarter/period have been regrouped, wherever necessary.

**For, Dynamic Industries Ltd.**
**Sd/-**
**Kunal.A.Chauhan**
**Company Secretary & Compliance Officer**

**Date : 25th August, 2020**
**Place : Ahmedabad**



## POLYLINK POLYMERS (INDIA) LIMITED

CIN No: L17299GJ1993PLC032905
Registered Office: 229-230,Village : Valthera,
Taluka – Dholka, Distt. Ahmedabad, Gujarat - 387810
Ph No.: 079-26427800, Fax: 079-26421864
Website:www.polylinkpolymers.com
E-mail: polylink@polylinkpolymers.com

**Correction**

In the Advertisement of the Unaudited results of Polylink Polymers (India) ltd for the Quarter ended on 30th June 2020,published on 20 August 2020, the Place of the Board meeting has been printed as Noida in place of Ahmedabad. The correct place of the Board meeting should be read as Ahmedabad.



**ડ્રાઈવર ?**



ડ્રાઈવર, રસોયા,
નોકર શોધવા હવે
ખૂબ જ સરળ
staffavailable.com
ના એકદમ અલગ
પ્રકારના અને દેશમાં
એકમાત્ર આવી
સવલત ઓફર કરતાં
પ્લેટફોર્મ ઉપર તમારી
જરૂરિયાત મૂકી દો
**તદ્દન ફ્રી**
staffavailable.com